# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

***************************************************************

**1)** પાંચ રાજ્યોની વિધાનસભાની મતગણતરીમાં અત્યાર સુધીમાં પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં ભાજપના ગઠબંધનની સરસાઇ, તામિલનાડુમાં ટીવીકે અને કેરળમાં કોંગ્રેસ ગઠબંધન આગળ.

**2)** પાંચ રાજ્યોની વિધાનસભાની પેટા ચૂંટણીમાં ગુજરાત સહિત પાંચ બેઠકો ઉપર ભાજપ આગળ, કોંગ્રેસ એને NCPની એક-એક બેઠકમાં સરસાઇ.

**3)** બિહારમાં રોહતાસ જિલ્લામાં આજે સવારે થયેલા માર્ગ અકસ્માતમાં પાંચના મોત.

**4)** જર્મનીના ચાન્સેલરે કહ્યું કે ઉત્તર એટલાન્ટિક જોડાણમાં અમેરિકા તેનો સૌથી મહત્વપૂર્ણ ભાગીદાર.

**5)** આજે મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે લખનૌ સુપર જાયન્ટ્સ સામે થશે.

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# WEST BENGAL COUNTING

પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર ભાજપ આગળ છે જ્યારે તૃણમૂલ કોંગ્રેસ પાછળ ચાલી રહી છે.

પશ્ચિમ બંગાળમાં, 166 બેઠકો માટે મતગણતરીના વલણો ઉપલબ્ધ છે. ભાજપ 182 બેઠકો પર, તૃણમૂલ કોંગ્રેસ 91 બેઠકો પર, કોંગ્રેસ 1 બેઠકો પર, સીપીએમ એક પર અને અન્ય ૩ બેઠકો પર આગળ છે. જ્યારે ભાજપના નેતા સુવેન્દુ અધિકારી નંદીગ્રામમાં આગળ છે, તો ટીએમસી નેતા અને મુખ્યમંત્રી મમતા બેનર્જી ભવાનીપુર બેઠક પર તેમના નજીકના હરીફ ભાજપના સુવેન્દુ અધિકારીથી આગળ છે. ભાજપના ધારાસભ્ય અગ્નિમિત્ર પોલ પશ્ચિમ વર્ધમાન જિલ્લાની આસનસોલ દક્ષિણ બેઠક પર તેમના નજીકના હરીફ ટીએમસીના તાપસ બેનર્જીથી આગળ છે. ભાજપના ઉમેદવાર અને વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપ પશ્ચિમ બંગાળમાં આગામી સરકાર બનાવશે.152 બેઠકો માટે ૨૩ એપ્રિલે બે તબક્કામાં મતદાન યોજાયું હતું, જ્યારે 142 બેઠકો માટે 29 એપ્રિલે મતદાન યોજાયું હતું.

આ મહિનાની બીજી તારીખે મગરહાટ પશ્ચિમના 11 અને ડાયમંડ હાર્બર વિધાનસભા ક્ષેત્રના ચાર બૂથ પર ફરીથી મતદાન યોજાયું હતું, પરંતુ ચૂંટણી પંચે મોટી સંખ્યામાં મતદાન મથકો પર મતદાન દરમિયાન ગંભીર ચૂંટણી ગુનાઓ અને લોકશાહી પ્રક્રિયાના ભંગનો ઉલ્લેખ કરીને ફાલ્ટા મતવિસ્તારમાં મતદાન રદ કર્યું. તે બેઠક પર નવી મતદાન 21 મેના રોજ થશે અને ૨૪ મેના રોજ મતગણતરી થશે.

ગણતરી પહેલા રાજ્ય પોલીસ સાથે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF) ના બે લાખ 50 હજારથી વધુ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

રાજ્યની રાજધાની કોલકાતામાં, પાંચ સ્થળોએ 11 વિધાનસભા મતવિસ્તારો માટે મતગણતરી હાથ ધરવામાં આવી રહી છે.

ટીએમસીએ 291 બેઠકો પર ચૂંટણી લડી હતી, જ્યારે તેના સાથી પક્ષ ભારતીય ગોરખા પ્રજાતાંત્રિક મોરચા (BGPM), જેનું નેતૃત્વ અનિત થાપા કરે છે, એ દાર્જિલિંગ હિલ્સમાં ત્રણ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા. ભાજપે બધી 294 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા, જ્યારે કોંગ્રેસે 292 બેઠકો પર ચૂંટણી લડી હતી.

ચાર પક્ષોના ડાબેરી મોરચાએ 246 બેઠકો પર ચૂંટણી લડી હતી, અને 10 વિધાનસભા ક્ષેત્રો પર સીપીઆઈએમ(એલ) લિબરેશન, 29 બેઠકો પર આઈએસએફ અને એસડીપીઆઈ અને બાકીની બેઠકો પર એક અપક્ષ અને અન્ય ડાબેરી સંગઠનોને ટેકો આપ્યો હતો.

2021ની ચૂંટણીમાં, ટીએમસીએ 215 બેઠકો જીતી હતી, જ્યારે ભાજપે 77 બેઠકો જીતી હતી, અને ગોરખા જનમુક્તિ મોરચા અને આઈએસએફએ એક-એક બેઠક જીતી હતી.

# ASSAM COUNTING

આસામમાં અત્યાર સુધી મળેલા વલણ અનુસાર ભાજપ સરસાઇ મેળવી રહી છે. તમામ 126 વિધાનસભા બેઠકો માટે મતગણતરી સરળતાથી ચાલી રહી છે. ભાજપ 78 બેઠકો પર આગળ છે, જ્યારે તેનો સાથી પક્ષ એજીપી નવ બેઠકો પર આગળ છે, કોંગ્રેસ 24 બેઠકો પર, બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ 9, રાયજોર દળ એક બેઠક પર, જેએમએમ 1, સીપીએમ 1 અને એઆઈયુડીએફ 2 બેઠક પર આગળ છે. ભાજપના ઉમેદવાર અને મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા જલુકબારી વિધાનસભા બેઠક પર આગળ છે. આસામ કોંગ્રેસના પ્રમુખ ગૌરવ ગોગોઈ જોરહાટમાં ભાજપના ઉમેદવાર હિતેન્દ્રનાથ ગોસ્વામીથી પાછળ છે.

આસામમાં બધી 126 વિધાનસભા બેઠકો માટે 9 એપ્રિલે એક જ તબક્કામાં મતદાન યોજાયું હતું જેમાં અત્યાર સુધીનું સૌથી વધુ 85.96 ટકા મતદાન થયું હતું.

# TAMIL NADU RESULTS

તામિલનાડુમાં 62 મતગણતરી કેન્દ્રો પર 75 હજાર 64 મતદાન મથકો પર મતગણતરી ચાલી રહી છે.રાજ્યમાં ત્રિકોણીય ચૂંટણી જંગમાં, 73 બેઠકો માટે વલણો મળ્યા છે. મુખ્યમંત્રી એમકે સ્ટાલિનની આગેવાની હેઠળ શાસક દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે) 49 બેઠકો પર આગળ છે, જ્યારે તેના હરીફ ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (એઆઈએડીએમકે) 57 બેઠકો પર આગળ છે અને અભિનેતા સી. જોસેફ વિજયની આગેવાની હેઠળ નવી પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) 106 બેઠકો પર આગળ છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈએનસી) 5 બેઠકો પર આગળ છે, ભાજપ 2 બેઠકો પર આગળ છે અને અન્ય 4 બેઠકો પર આગળ છે.

મુખ્ય ઉમેદવારોમાં, ચેન્નાઈના કોલાથુર મતવિસ્તારથી ચૂંટણી લડી રહેલા વર્તમાન મુખ્યમંત્રી એમકે સ્ટાલિન હવે તેમના AIADMK પ્રતિસ્પર્ધી સંથાના કૃષ્ણનથી પાછળ છે, જ્યારે તેમના પુત્ર નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિન પણ ચેન્નાઈના ચેપૌક-થિરુવલ્લીકેની મતવિસ્તારથી પાછળ છે. ટીવીકેના સ્થાપક વડા, જોસેફ વિજય ચંદ્રશેખર, જે બે બેઠકો પેરામ્બુર અને ત્રિચી પૂર્વ પર ચૂંટણી લડી રહ્યા છે, બંને બેઠકો પર આગળ છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓ પન્નીરસેલ્વમ, જેઓ તાજેતરમાં DMKમાં જોડાયા છે, બોદિનાયકાનુર મતવિસ્તારથી આગળ છે.

234 બેઠકોવાળી વિધાનસભાની ચૂંટણી 23 એપ્રિલે એક જ તબક્કામાં યોજાઈ હતી. કુલ મતદાન 85.1 ટકા હતું જેમાં 4.8 કરોડ મત પડ્યા હતા. 2021માં, DMK ગઠબંધને પાછલી વિધાનસભા ચૂંટણીઓમાં 159 બેઠકો જીતીને 118 ના બહુમતી આંકડો પાર કર્યો હતો, જેનાથી AIADMKના દાયકા લાંબા શાસનનો અંત આવ્યો હતો.

# KERALAM ELECTION

કેરળમમાં વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી 40 હજાર 771 મતદાન મથકો પર ચાલી રહી છે. ભાજપની આગેવાની હેઠળની NDA, કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) અને શાસક CPI(M)ના નેતૃત્વ હેઠળની લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) મુખ્ય ગઠબંધન છે. તમામ 140 બેઠકો માટે વલણો પ્રાપ્ત થયા છે. કોંગ્રેસે 63 બેઠકો પર સરસાઇ  મેળવી છે અને તેનો સાથી ઇન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ 23 બેઠકો પર આગળ છે. શાસક પક્ષ CPI(M) 31 બેઠકો પર આગળ છે, જ્યારે તેનો સાથી CPI 14 બેઠકો પર આગળ છે. કેરળ કોંગ્રેસ 05 બેઠકો પર આગળ છે, ભાજપ 02 બેઠકો પર આગળ છે.

# PUDUCHEERY- RESULTS

પુડુચેરી વિધાનસભાની 30 બેઠકો માટે મતગણતરી કેન્દ્રશાસિત પ્રદેશના છ નિયુક્ત કેન્દ્રો પર કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ ચાલી રહી છે. કુલ 30 બેઠકોમાંથી 17 બેઠકો માટે વલણો મળ્યા છે. શાસક AINRC 09 પર આગળ છે, ભાજપ અને કોંગ્રેસ 02-01 બેઠકો પર આગળ છે. AIADMK અને DMK એક-એક, અપક્ષ અને અન્ય 03 બેઠકો પર આગળ છે.

મુખ્યમંત્રી એન. રંગાસ્વામી થટ્ટનચાવાડી મતવિસ્તારથી તેમના નજીકના હરીફ કોંગ્રેસ પક્ષના વી. વૈથિલિંગમથી આગળ છે.

આ ચૂંટણીમાં કુલ 294 ઉમેદવારો હવે લોકોના ચુકાદાની રાહ જોઈ રહ્યા છે. અગ્રણી ઉમેદવારોમાં ભાજપના પ્રદેશ પ્રમુખ વી. પી. રામલિંગમ, ગૃહમંત્રી એ. નમસ્સ્વયમ, વિધાનસભા અધ્યક્ષ આર. સેલ્વમ અને વિપક્ષી નેતા આર. શિવનો સમાવેશ થાય છે.

# ELECTION REAX

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના વલણો મુજબ, ભાજપના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું છે કે ભાજપ પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક જીત તરફ આગળ વધી રહ્યું છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા તેમણે કહ્યું કે, ભાજપ રાજ્યમાં પહેલીવાર સરકાર બનાવવા જઈ રહી છે.

(BYTE - SHEHZAD POONAWALLA)

દરમિયાન, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી-CPI એ દાવો કર્યો છે કે કેરળમમાં પરિણામ તેમના પક્ષમાં આવશે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ કહ્યું કે આ શરૂઆતના વલણો છે, અને ટૂંક સમયમાં, આખું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

# AP CM STATEMENT

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે તાજેતરના ચૂંટણી પરિણામોમાં એનડીએનું પ્રદર્શન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લોકોનો વધતો વિશ્વાસ દર્શાવે છે. શ્રી નાયડુએ કહ્યું કે પરિણામો એનડીએના વિકાસ પરના ધ્યાન અને વિકસતા ભારતના તેના વિઝનને સમર્થન આપે છે. તેમણે ઉમેર્યું કે આ જોડાણ લોકોની આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે અને સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસના સિદ્ધાંતને અનુસરે છે.

તેમણે કહ્યું કે પરિણામ એ પણ દર્શાવે છે કે યુવા મતદારો વિકાસ, વિશ્વસનીયતા અને જનતા સાથે મજબૂત જોડાણને મહત્વ આપે છે. શ્રી નાયડુએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન સહિત એનડીએ નેતાઓ, પક્ષના કાર્યકરો અને મતદારોને અભિનંદન આપ્યા.

# BYE ELECTION

પાંચ રાજ્યોમાં સાત વિધાનસભા મતવિસ્તારોમાં પેટાચૂંટણીઓની મતગણતરી પણ ચાલી રહી છે. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર ભાજપ પાંચ જ્યારે કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) એક-એક બેઠક પર આગળ છે.

કર્ણાટકમાં દેવનાગેરે-દક્ષિણ અને બાગલકોટ વિધાનસભા મતવિસ્તાર, મહારાષ્ટ્રમાં બારામતી અને રાહુરી મતવિસ્તાર, ગુજરાતના ઉમરેઠ, ત્રિપુરામાં ધર્મનગર અને નાગાલેન્ડમાં કોરીડાંગ વિધાનસભા મતવિસ્તારનો સમાવેશ થાય છે.

કર્ણાટકના દેવનાગેરે-દક્ષિણ મતવિસ્તારમાં, ભાજપના શ્રીનિવાસ ટી. દાસકરિયાપ્પા આગળ છે. જ્યારે ત્રિપુરાના ધર્મનગર મતવિસ્તારમાં ભાજપના જહર ચક્રવર્તી લગભગ નવ હજાર મતોની લીડ જાળવી રહ્યા છે. ગુજરાતમાં, ઉમરેઠ બેઠકો પર ભાજપના હર્ષદ પરમાર 12 હજારથી વધુ મતોથી આગળ છે. મહારાષ્ટ્રમાં, રાહુરી બેઠક પર ભાજપના અક્ષય શિવાજીરાવ કર્ડિલે આગળ છે જ્યારે નાગાલેન્ડના કોરીડાંગ વિધાનસભા મતવિસ્તારમાં, ભાજપના દાઓચિયર  ઇમચેન આગળ છે.

કર્ણાટકના બાગલકોટ મતવિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર ઉમેશ હુલ્લપ્પા મેટી 11 હજાર 800થી વધુ મતોથી આગળ છે. જ્યારે મહારાષ્ટ્રમાં, બારામતી મતવિસ્તારમાં NCP ના નાયબ મુખ્યમંત્રી સુનેત્રા અજિત પવાર આગળ છે.

# ROAD ACCIDENT - BIHAR

બિહારમાં, રોહતાસ જિલ્લામાં આજે સવારે થયેલા માર્ગ અકસ્માતમાં 5 ના મોત અને સાત ઇજાગ્રસ્ત થયા છે. અહેવાલો અનુસાર, આરા-મોહનિયા રોડ પર બેલવૈયા મઠિયા ગામ પાસે બસમાંથી મુસાફરો નીચે ઉતરી રહ્યા હતા ત્યારે પાછળથી ઝડપી ગતિએ આવી રહેલા એક વાહન તેમના પર ફરી વળ્યું હતું. ઇજાગ્રસ્તોને સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં એક વ્યક્તિની હાલત ગંભીર હોવાના અહેવાલ છે.

# US-GERMANY

જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે કહ્યું, અમેરિકા ઉત્તર એટલાન્ટિક જોડાણમાં તેનો સૌથી મહત્વપૂર્ણ ભાગીદાર છે. આ અગાઉ તેમણે પશ્ચિમ એશિયા સંઘર્ષને લઈને રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટીકા કરી હતી. તેના પ્રતિભાવમાં અમેરિકાએ જર્મનીમાંથી તેના 5,000 થી વધુ સૈનિકો પાછા ખેંચવાની જાહેરાત કરી હતી.

શ્રી ફ્રેડરિકે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું  કે ઈરાનને કોઈપણ સંજોગોમાં પરમાણુ શસ્ત્રો મેળવવાની મંજૂરી આપી શકાય તેમ નથી.

# IPL CRICKET

IPLમાં આજે મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે લખનૌ સુપર જાયન્ટ્સ સામે થશે. મેચ આજે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

# JHARKHAND CM DEMAND LETTER

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને ફરી એકવાર અલગ સરના ધાર્મિક સંહિતાની માંગણી ઉઠાવી છે, અને 2027 ની વસ્તી ગણતરીમાં તેનો સમાવેશ કરવાનો આગ્રહ કર્યો છે. તેમણે આ સંદર્ભમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારને પત્રો લખ્યા છે.

મુખ્યમંત્રીએ આ મુદ્દાને લાખો આદિવાસી લોકોના વિશ્વાસ, ઓળખ અને અધિકારો સાથે જોડાયેલો ગણાવ્યો. તેમણે કહ્યું કે વસ્તી ગણતરી ફક્ત વસ્તી ગણતરી નથી પરંતુ સમાજના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક માળખાને સમજવા માટેનું એક મુખ્ય માધ્યમ છે. તેમણે ઝારખંડ વિધાનસભાના સર્વાનુમતે પસાર થયેલા ઠરાવનો પણ ઉલ્લેખ કર્યો, તેને રાજ્યની સામૂહિક ભાવનાનું પ્રતિબિંબ ગણાવ્યું. 2011 ની વસ્તી ગણતરીનો ઉલ્લેખ કરતા, તેમણે નોંધ્યું કે અલગ સંહિતા ન હોવા છતાં, 21 રાજ્યોમાં લગભગ 50 લાખ લોકોએ સ્વેચ્છાએ સરનાને તેમના ધર્મ તરીકે ગણાવ્યો હતો.